આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૫૪ | ૧૩ ઓગસ્ટ, ૨૦૧૪, બુધવાર; શ્રાવણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નિકાલ હેઠળના ૧૭૦૦ મકાનો તોડી નંખાશે

## સે. ૭માં સૌથી વધુ ૬૩૬ મકાનો તુટશે : ઉચ્ચકક્ષાએ મળેલી બેઠકના અંતે નિર્ણય લેવાયો ટુંકમાં કામગીરી શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓથી અસ્તિત્વ ધરાવતા ભયજનક મકાનો આખરે તોડી પાડવામાં આવશે. વિવિધ સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૧૭૦૦ જેટલા નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવા વિભાગ દ્વારા મંજુરી આપી દેવાતા ટુંકમાં કામગીરી હાથ ધરાશે.

શહેરમાં સ્થિત ૧૬,૩૦૦ જેટલા વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી ૧૯૦૪ જેટલા મકાનો વર્ષ ૨૦૦૧ દરમિયાન નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા.

નિકાલ હેઠળના આ મકાનો રહેણાંકની દ્રષ્ટિએ ભયજનક હોવાથી આ મકાનો લાંબા સમયથી ખાલી હાલતમાં છે. પરંતુ આ મકાનો નિકાલ હેઠળના જાહેર કરાયા બાદ આવાસોનો નિકાલ કરવાના મામલે લાંબા સમયથી કોઈ નીતિ નક્કી ન થતા જોખમી આવાસો તંત્રના અધિકારીઓ માટે પણ લટકતી તલવાર સમાન બન્યા હતા. શહેરના સેક્ટરોમાં કુલ ૧૯૦૪ મકાનો નિકાલ હેઠળની યાદીમાં સામેલ હતા. આ પૈકી સ્વર્ણિમ પાર્કની કામગીરી દરમિયાન અગાઉ સે. ૧૬ ના ૯૦ મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. જ્યારે સે. ૧૩ માં પણ જ-કક્ષાના ૧૪૪ મકાનો તોડવાનું કામ હાથ ધરાયું હતું. જેના અંતે હાલની સ્થિતિએ અંદાજે ૧૭૦ જેટલા નિકાલ હેઠળના મકાનો હજી પણ સેકટરોમાં જોખમી હાલતમાં છે.

આ નિકાલ હેઠળના મકાનો અંગે નીતિ વિષયક નિર્ણય લેવા અગાઉ મુખ્યમંત્રી સમક્ષ તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશન અને બેઠકોના દૌરના અંતે આ મકાનો આખરે તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. થોડા દિવસો પૂર્વે ઉચ્ચકક્ષાએ યોજાયેલી બેઠકના અંતે શહેરમાં નિકાલ હેઠળના તમામ મકાનો દૂર કરવાની વાતને લીલી ઝંડી આપી દેવાઈ છે. હાલની સ્થિતિએ સે. ૨૦માં ૯૦ મકાનો, સે. ૬ માં ૭૮, સે. ૭માં ૬૩૬, સે. ૧૩માં ૩૨૨, સે. ૧૬માં ૮૪, સે. ૩૦માં ૨૮૦, સે. ૨૯માં ૨૪૦ મકાનો નિકાલ હેઠળના છે. આ તમામ મકાનો તોડી નાંખવામાં આવશે. ટુંકમાં જ જોખમી આવાસો તોડવાનું કામ શરૂ કરી દેવાશે. નિકાલ હેઠળના આવાસો તોડી તેના ઠેકાણે ટાવર કેમ્પસનું નિર્માણ કરવા પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.



મેરે દેશકી ધરતી - ભારત કૃષિપ્રધાન દેશ છે... એ વાત આપણી રગેરગમાં વહે છે... જ્યારે જ્યારે ભારતની ગ્રામ્ય સંસ્કૃતિ માણવાનું મન થાય ત્યારે ગામને ગોંદરે પાકથી લહેરાતા ખેતરોને નિહાળવાની એક મજા છે... આપણી સમય હોય તો એ કપાસના ખેતરો હોય કે ડાંગરના ખેતરો હોય અને વરસાદની મોસમ હોય તો એક અનોખી અનુભૂતિ થાય છે... ગાંધીનગરના ચિલોડા પંથકમાં પચાસ ટકા વરસાદ ખેડૂતોએ પાક વાવીને ખેતરોને લહેરાવી દીધા છે... (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# જિલ્લાની ૧૦૩ પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષકોની ભરતી કરાશે

## ૧૯મીએ ૫૫ સીધી ભરતીના અને ૪૭ બઢતી પ્રાપ્ત મુખ્ય શિક્ષકોની નિમણુંક માટેના કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાની ૧૦૩ શાળાઓમાં મુખ્ય શિક્ષકોની નિમણુંક જે ઘણા સમયથી બાકી હતી તે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને આગામી ૧૯મીએ તે પૂર્ણ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૫૫ જેટલા મુખ્ય શિક્ષકોની ભરતી સીધી ભરતીથી કરવમાં આવશે જયારે ૪૭ જેટલા મુખ્ય શિક્ષકોની ભરતી બઢતીથી કરવામાં આવશે.

શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૪૭ જેટલા મુખ્ય શિક્ષકોની બઢતી માટેની ડીપીસી મળી ગઈ છે અને હવે ૧૯મીએ સ્થળ પસંદગી માટે આ શિક્ષકોને બી.આર.સી. ગાંધીનગર ખાતે બોલાવવામાં આવ્યા છે.

સીધી ભરતીની પરીક્ષાનું પરિણામ પણ જાહેર થઈ ચુકયું છે અને તેમાંથી પણ ૫૫ જેટલા ઉમેદવારોની ફાળવણી શિક્ષણ વિભાગ દ્વારા કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૫૦ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતી તમામ શાળાઓમાં મુખ્ય શિક્ષકોની ભરતી પ્રક્રિયા આ સાથે સંપન્ન થશે. જો કે આ પછી જે થોડીક સ્કુલો બાકી રહે છે તેમાં પણ નિમણુંક અને બઢતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મુખ્ય શિક્ષકોની આખી અલગ કેડર ઉભી કરવામાં આવી રહી હોવાથી જગ્યાઓ ખાલી પડેલી છે પરંતુ આગામી બે વર્ષમાં આ બધી જ પ્રક્રિયા પૂર્ણ થઈ જશે.

૧૯મીએ જિલ્લાની ૧૦૩ શાળાઓમાં મુખ્ય શિક્ષકોની નિમણુંક થતાં જ ગુણવત્તા સભર શિક્ષણને નવો વેગ મળશે. જિલ્લામાં શિક્ષણના સાર્વત્રિકાણને પણ નવી દિશા મળશે.

ગાંધીનગર જિલ્લામાં હાલ ૨૦૦થી પણ વધુ પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકોની ભરતી કરવાની બાકી છે પરંતુ તેમાં બાળકોની સંખ્યા ઓછી હોવાને કારણે આ નિમણુંકો રાજ્ય સરકારમાંથી મંજુર થઈને આવેથી ભરાશે. અત્યારે આ ૧૦૦ મુખ્ય શિક્ષકોની નિમણુંક થતાં હવે ૧૦૦ જગ્યાઓ ખાલી રહેશે.

# નાયબ જિલ્લા વિકાસ અધિકારી આર. એન. કુચારાની બદલી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એન. કુચારાની આજે બદલી કરવામાં આવી છે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા ૪ ગુજરાત વહીવટી સેવા વર્ગના અધિકારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. જેમાં શ્રી આર.એન. કુચારાનો સમાવેશ થાય છે. શ્રી કુચારાને સાબરકાંઠા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે.

શ્રી કુચારા વિધાનસભાની ચૂંટણી ૨૦૧૨ વખતે ગાંધીનગર મુકવામાં આવ્યા હતા. બે વર્ષના ટુંકાગાળામાં જ તેમણે સારી એવી લોકચાહના મેળવી અને સારા અધિકારી તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી હતી. તેઓ ૧૫ ઓગસ્ટ બાદ તેમનો નવો ચાર્જ સંભાળશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં મંજૂર થયેલ બે ના. જિલ્લા વિકાસ અધિકારીઓની જગ્યા ઘણા સમય બાદ ભરાઈ હતી. હવે શ્રી કુચારાની બદલી થતાં પુનઃ એક જગ્યા ખાલી પડી છે. સરકારે નવા નાયબ જિલ્લા વિકાસ અધિકારીની નિમણુંક કરી નથી.



ડોર-ટુ-ડોર કલેક્શન - ગાંધીનગરમાં સફાઈ અભિયાન અન્વયે મહાનગરપાલિકા દ્વારા છેલ્લા એક મહિનાથી ટોર - ટુ - ડોર કચરાનું કલેક્શન શરૂ કરાયું છે... નવા સેક્ટરોમાં સમગ્ર વ્યવસ્થાને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે... સમગ્ર શહેરમાં જો વ્યવસ્થા સ્વીકૃત બનશે તો સ્વચ્છ ગાંધીનગરના સ્વપ્નને સાકાર કરવામાં સરળતા ઉભી થશે... નગરજનો પણ આ અભિયાનમાં સહયગો આપી રહ્યા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# રાજ્યમાં ૧૫ મીથી ઉતારૂવેરો ઘટતાં એસ.ટી. ભાડામાં ઘટાડો કરાશે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં ૧૫ મી ઓગસ્ટથી એસ.ટી. બસમાં ભાડા ઘટાડો અમલી બનશે. ઉતારૂવેરામાં કરાયેલા ઘટાડા અંગેનું જાહેરનામુ આગામી બે દિવસમાં જાહેર કરવામાં આવનારૂ હોવાનું જાણવા મળે છે.

વાહન વ્યવહાર વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં એસ.ટી. બસોમાં ઉતારૂ વેરો ૧૭.૫ ટકા લેખે લાગુ કરવામાં આવેલો હતો. ગત વિધાનસભા સત્રમાં રાજ્ય સરકારે ઉતારૂ વેરામાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી.

જે અનુસાર ઉતારૂ વેરો જે ૧૭.૫ ટકા છે તેમાંથી ૧૦ ટકા ઘટાડો કરીને ૭.૫ ટકા જ વેરો રાખવામાં આવનાર છે. આથી દસ ટકા ઉતારૂ વેરો ઘટાડવા માટેની એક દરખાસ્ત વિભાગ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજુ કરવામાં આવી છે. જેને આવતીકાલે મંજુરી આપવામાં આવે તેવી શક્યતા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ દરખાસ્તને રાજ્ય સરકારની મંજુરી મળ્યા બાદ ૧૪મી ઓગસ્ટના સાંજે એટલે કે ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ઉતારૂ વેરાના દરમાં ૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવશે.

ઉતારૂ વેરાના દરમાં ૧૦ ટકાનો ઘટાડો કરવાના નિર્ણયનો અમલ ૧૫મી ઓગસ્ટથી અમલી બનશે. જેના કારણે આ દિવસથી એસ.ટી. બસના ભાડા પણ ઘટશે જેનો સીધો ફાયદો એસ.ટી. બસમાં મુસાફરી કરતાં સામાન્ય મુસાફરોને થશે.

## NEWS બિટ્સ

**● મોદી સીબીઆઈ હેડક્વાર્ટરની મુલાકાત લેશે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી



આગામી દિવોમાં સીબીઆઈ હેડ કવાર્ટરની મુલાકાત લેશે. આ વાત ફેલાતા સીબીઆઈ હેડ કવાર્ટરમાં ધમધમાટ શરુ થઈ ગયો છે. સીબીઆઈના ઓફિસરો પોતાની મુશ્કેલીઓ જણાવશે. આ ઉપરાંત મોદી કેટલાક સંવેદનશીલ કેસોની માહિતી લેશે. સીબીઆઈ સ્વાયત્તતાની માંગણી પણ મુકી શકે છે.

**● સચીન રાજયસભામાં સમગ્ર સત્ર દરમિયાન ગેરહાજર રહેશે**

માસ્ટર બ્લાસ્ટર અને



રાજયસભા સાંસદ સચીન તેંડુલકરને તમામ વિવાદો વચ્ચે પૂરા સત્રમાં રાજયસભામાં ગેરહાજર રહેવાની પરવાનગી મળી ગઈ છે. સચીને રાજયસભાના સ્પીકરને પત્ર પાઠવી કહ્યું હતું કે તેઓ વ્યકિતગત, વ્યવસાયિક જવાબદારીઓ અને પારિવારિક અનિવાર્યતાના કારણે રાજયસભામાં સમગ્ર સત્ર દરમિયાન હાજર રહી શકશે નહીં.

**● નવું ઈમેલ આઈડી ખોલવા ફોન નંબર ફરજીયાત**

જીમેલ અને યાહુએ નવા ઈમેલ એકાઉન્ટ શરુ કરવા માટે ટેલીફોન નંબર ફરજીયાત બનાવ્યા છે. વિશ્વની આ બંને સૌથી લોકપ્રિય ઈમેલ પ્રદાતાઓએ વણઈચ્છતા સંદેશ પર અંકુશ લગાવવા માટે આ પગલું ઉઠાવ્યું છે. આ નંબર દ્વારા ગ્રાહકની સત્યતા ચકાસી શકાશે.

**● રવિના ટંડન ટીવીના પડદે**

મહિલા કેન્દ્રિત એક ટીવી



ચેનલ ટુંક સમયમાં શરુ થવાની છે. જમાં 'સિમ્પલી ખાતે' નામનો એક શૉ શરૂ થવાનો છે. જેનું સંચાલન રવિના ટંડન કરશે. આ શૉ અમેરિકાના સુપ્રસિધ્ધ શૉ ધ ઓપ્રા વિન્ફ્રે શૉ જેવો છે. એક સમયની સફળ ફિલ્મ અભિનેત્રીના આ ટીવી શૉની સૌને ઈંતેજારી છે.

LED, LCD & Colour TV રીપેરીંગ

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૭૧૧૫

મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

હવે મેળવો

11.36% દ.વ.*

૬૦ મહિના મુદતની

ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર

આપની જમા રાશિને ૮ વર્ષ ૧ માસમાં બમણી કરો!!*

ડીસીબી ફિક્સ્ડ ડિપોઝીટ ખોલાવો અને મેળવો એક સ્ટાઈલિશ લેપટોપ બેગ, તદ્દન મફત!^



ડીસીબી બૅન્ક

સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર

કૉલ કરેઃ 9825647075 / 9879204002 / 65730141

DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)

DCB BANK